વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૨૩ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ડિસેમ્બર ૬, ૨૦૧૮

# "પાટણથી કુપવારા સુધીની સફર"

કાશ્મીરમાં 'સેવા'એ ૨૦૧૨ની સાલથી સંગઠનનું કામ શરૂ કર્યું. આજનો તા.૧૦.૧૧. ૨૦૧૮નો દિવસ ખુશીનો, ગૌરવવંતો હતો કારણ કે, આજે કુપવારાના સ્થાનિક બહેનો સંગઠનમાં જોડાયા છે તેમણે પોતાનું એસોસીએશન બનાવ્યું તેની પ્રથમ વાર્ષિક સભા હતી. આવું તો સ્વપ્નમાં ય ન હતું વિચાર્યુ. કારણ, હું પોતે સિલાઇ કામદાર અને 'સેવા'માં ૨૮ વર્ષથી જોડાયેલી છું. અને હા, મારું નામ મુમતાઝ બલોચ. મારા દાદા રાધનપુર નવાબી રાજમાં એ.ડી.સી. તરીકે કામ કરતા હતા. તે બહેનો બહાર નીકળે તેના વિરોધી હતા. બુરખો પહેરવો. રૂઢીચુસ્ત હતા છતાં હું ખુશ નસીબ છું મને સેવામાં કામ કરવાની તક મળી. બહેનોનો સાથ-સહકાર મળ્યો અને કુટુંબીજનોનો સાથ મળ્યો. કુપવારામાં પણ સ્થાનિક બહેનોનું એસોસીએશન બન્યું છે. તેની આજે પ્રથમ વાર્ષિકસભા મળી, તેના સંચાલનની તક મળી જે મેં સ્વપ્નામાં પણ ન તુ વિચાર્યું.

જો સેવામાં ના હોત તો ક્યાય હું પણ ઘરની ચાર દીવારોમાં બંધ હોત. મારા જેવી બીજા બહેનોને પણ તક મળે. તેવી દુવા કરું છું.

મેં ગૌરવભેર કુપવારાની વાર્ષિક સભાનું સંચાલન શરૂ કર્યું. મિટીંગમાં બહેનો રંગબેરંગી ટ્રેડીશનલ કપડા ફિરનમાં




કાશ્મીર 'સેવા'ની બહેનો સાથે વાર્તાલાપ કરતાં ઈલાબહેન અને બહેનો.

સજ્જ હતા. ફૂલ ગુલાબી ઠંડીમાં બહેનોના હસતા ચહેરાની રોનક અનેરી જ હતી. સેવાના મુલ્યોને વરીને જેમ કે, ''સોને પે સુહાગા'' હું પણ તેમના રંગમાં રંગાઈ ગઈ. બહેનોના ચહેરા પરથી કહી શકાતું હતું કે કેટલા ખુશ છે. મારી ખુશી નો કોઈ પર ના રહ્યો. શરૂઆતમાં જે તકલીફો ઝીલી હતી તે આજે બધી ભુલાઈ ગઈ અને તે તકમાં પરીણમી તે જોઈ જે પારાવાર ખુશી થઇ. ગર્વથી હું પણ બોલી હતી.

સભાની શરૂઆત પ્રાર્થના-સ્વાગતથી કરવામાં આવી. કુપવારા એસોસીએશનનો રિપોર્ટ શૌકતભાઈએ વાચી સંભળાવ્યો. જે ખૂબ જ રસપ્રદ રહ્યો. શૌકતભાઈએ કામના અનુભવની વાત કરતા કહયું કે, 'મેં 'સેવા' કા શુક્ર ગુજાર હૂં કે મુજે સેવા કી શ્રમજીવી બહેનો કે સાથ કામ કરને કા મૌકા મીલા. જબ મેં સેવા મે પહેલીબાર આયા તો દેખા થા કી સબ બહેને અલગ-અલગ જગહ સે આતી ઔર અપના પરિચય દે રહી થી તબ મેરા એક સપના થા કી હમારી કશ્મીર કી બહેને ભી ઈસી તરહ અપની બાત બતા શકે યે આજ મેરા વહ સપના નજર કે સામને દેખ રહા હૂં.'

ત્યારબાદ બહેનોએ પોતાના અનુભવની રજુઆત કરી. કુવાર જિલ્લાના દૃગમુલ્લા ગામના રફીકાબેન ગરીબ પરિવારથી છે. સિલાઇકામની તાલીમ કુપવારા સેન્ટર પરથી લઇ માસ્ટર ટ્રેનર તરીકે તૈયાર થયા છે. હવે તેમના ઘરનું ગુજરાન પોતે ચલાવે છે. તેમણે કહ્યું કે, હું એક સારી આગેવાન બનવા માંગું છું.

સાયમાબેન બુમ્હામા ગામના વતની છે ઘરની આર્થિક સ્થિતિ નબળી છે. તે બોલી નથી શકતા ને સાંભળી નથી શકતા. તેઓ સેન્ટર દ્વારા સિલાઇની તાલીમ લઇને હાલ સિલાઇકામના માસ્ટર ટ્રેનર થઇ ગયા છે. તેઓ સ્કૂલ યુનિફોમ, પંજાબી સુટ અને ફીરન સુટ સારા ક્વાલીટી વાળું કામ કરી શકે છે. તેમણે પોતાના હાવભાવ થી સમજાવે છે. જે મારા માટે અત્યંત પ્રેરણા રૂપ રહ્યું.

કુપવારા જિલ્લાના દૃગમુલ્લા ગામના ૨૩ વર્ષના સફીનાબેન એક બુટીક ચલાવે છે. એક ગરીબ પરિવારથી આવે છે. પુરા પરિવારની જવાબદારી પોતાને શીરે છે. ભરતકામ કરેલા નઈત નવા પંજાબી સુટ અને ડિઝાઇનિંગ સિલાઇ કામ કરેલા સુટ તૈયાર કરીને વેચાણ કરે છે. ને મહિને પાંચથી સાત હજાર કમાય છે. તેઓ કહે છે કે, 'સેવા'માં જોડાઇને હું પગભર થઇ ને તેથી હું પોતાને ખુશકિસ્મત સમજુ છું.

દીલશાદાબેન પાકિસ્તાનની બોર્ડર પાસે ગોમલ તંગઘાર ગામના વતની છે. તેમનું માનસિક સંતુલન ઠીક નથી. કારણ કે, જ્યારે ધરતીકંપ થયો ત્યારે તેમનું ઘર-બાર નષ્ટ થઇ ગયું. મામી સાથે રહેતી હતી તે પણ એ ભૂકંપમાં ગુજરી ગયા. સેવાની કામગીરી શરૂ થતા તેમને ભારત દર્શનમાં ભાગ લીધો તેનાથી તેમને જાણ્યું કે બહારની દુનિયામાં શું ચાલી રહયું છે. સેવા સંગઠનની અલગ-અલગ પ્રવૃતિમાં બહેનો કેવા કેવા કામ કરે છે, તે જોયું અને જાણ્યું.

ઈલાબેને સંદેશ આપ્યો કે, 'સેવા'નો ધ્યેય છે કે, બહેનો, કામ અને શાંતિ જીવનમાં, ઘરમાં ગામમાં, દેશમાં શાંતિ હશે તોજ આપણે જીવન બરાબર જીવી શકીશું. આપણે આપણી આવડત, સચ્ચાઈ નેકી અને મહેનતથી આગળ આવીશું.

હેલ્પ સંસ્થાના નીગતજી એ બહેનોને જણાવ્યું કે, હું પુરા વિશ્વાસ સાથે કહુ છું કે, બહેનોમાં ખૂબ જ આત્મ-વિશ્વાસ આવ્યો છે, પોતાનામાં અને ઘરોમાં બદલાવ આવ્યો છે. આ માટે શ્રી ઈલાબેનને મુબારક બાદ આપું છું કે, 'અમારી ખુશકિસ્મતી છે કે, ઉપરવાળાની રહેમ નજર છે જે, અમે નથી કરી શક્યા તે 'સેવા'એ કર્યું છે. એસોસીએશને ઘણું હાંસલ કર્યું છે તમે તો મારી દીકરીયો છો, ફૂલો ફાલો તેવી મારી કુપવારા અને ગંદરબલના બહેનોને મારી દુવા છે. પુરી દુનિયા તમને જુએ કે, કાશ્મીરની બહેનો ક્યાં પહોંચી છે. 'સેવા'માં બહેનોને ઈજ્જતની જીંદગી અને રોજગારીની તકો મળે છે. મેં 'સેવા'નું કામ જોયું છે સફળ થવા માટે આ એક જ સેવા છે ત્યાં બહેનો ને ઈજ્જત મળે છે. હું 'સેવા'નો આભાર માનું છું અને મને ગર્વ થાય છે.

જે બહેનો ઘરની બહાર પણ નહોતા નીકળતા બધાની સામે બોલી નહોતા શકતા તે બહેનો આજે પોતાની વાત બીજા સામે રજૂઆત કરી તે વાત ઈલાબેને બિરદાવી. બહેનોનો આભાર માન્યો અને કહ્યું કે, આવી રીતે આગળને આગળ વધો તેવી દુવા આપી. સાથે-સાથે એક પ્રશ્ન પુછ્યો કે, કેવું ભવિષ્ય ચાહો ? લગભગ દરેક બહેનો એ કહ્યું કે, ઘરમાં શાંતિ હોય, ગામમાં શાંતિ હોય, દરેકના હાથમાં કામ અને રોજગાર હોય તોજ 'સુકુન' મળે.

બીજો પ્રશ્ન હતો કે, તમારો શોખ શું છે ? તમને શું ગમે ? તો બહેનો એક પછી એક કરી બોલવા લાગી કે, અમને વાંચવાનો, લખવાનો, ગીત ગાવાનો, કિચનગાર્ડન, ડાન્સિંગ, ટ્રાવેલિંગ કરવાનો, કુરાનશરીફ પઢવાનો, ડીઝાઈનર અને એક સારા લીડર બનવાનો શોખ છે.

કાશ્મીરમાં કામ કરવાની અને પ્રથમ વાર્ષિક સભા સંચાલન કરવાની આ તક બદલ હું રીમાબેન અને નીગતજીનો કુપવારા એસોશીએશનના બહેનોનો અને ટીમનો હૃદયપૂર્વક આભાર માનું છું ...

- **મુમતાજ**

❑

# 'સુખી મહિલા મંડળ' બોડેલીની ૨૧મી વાર્ષિક સાધારણ સભા

તા.૧/૧૧/૨૦૧૮ના રોજ સુખી મહિલા મંડળ બોડેલીની ૨૧મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ હતું. સભામાં 'સુખી મહિલા સેવા મંડળ'ના મંત્રી, કાર્યકર્તા તથા કારોબારીના સભ્યો હાજર હતા. છોટાઉદેપુર જીલ્લાના ૪ તાલુકાના મંડળમાં જોડાયેલા બેનો, આગેવાન અને યુવા પેઢીની દીકરીઓ સભામાં હાજર હતા.




**સાધારણ સભામાં દિપ પ્રાગટ્ય કરતાં બહેનો**

સભાની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ બહેનોનું સ્વાગત કરવામાં આવ્યું. લેહ, લદાખથી આવેલ બહેનોનું સ્વાગત વણાટનો નેપકીન અને ફૂલથી કરવામાં આવ્યું.

સભામાં મહેમાન તરીકે જબુગામ કૃષિ યુનિર્વસીટીમાંથી આવેલા અનિલભાઈ મેકવાને ખેતી, પશુપાલન અંગે ઊંડાણપૂર્વક માહિતી આપી. અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઓછા ખર્ચે વધુ નફો કેવી રીતે થાય તેની સમજ આપી. પશુપાલન/ ખેતીને લગતી/ બકરી/ મરઘા ઉછેર/ માળી તાલીમ અને અન્ય ખાતાકીય યોજનાની માહિતી આપી જે બેનોને તથા તેમની નવીપેઢીને ખૂબ જ ઉપયોગી થશે.

સાધારણ સભામાં આવેલા બહેનો પોતાના અનુભવની વાત કરે છે. ભાવી આગેવાન રીકુબેન, ગામ રતનપુરના રહેવાસી કહે, મેં ગામમાં જ બ્યુટીપાર્લરનો કોર્સ કરેલો છે જેનું નાનું નાનું કામ કરું છું. મેં મોબાઈલ જોયો તો ખરો પણ, વાપરતા આવડતો ન હતો . પછી હું બે દિવસ સુખી મંડળમાં તાલીમ લેવા આવી અને ભાવી આગેવાન તરીકે જોડાઇ. ને હું મોબાઈલ વાપરતા શીખી ગઈ. ગામડે ગામડે બેનોને ટેકનૉલોજી વિશે સમજ આપતી. હું પાર્લરનું કામ જાણતી હોવાથી પાર્લરના કામમાં વધુ શીખવા માટે ૧૦૦૦ રૂ ભરીને સેમીનાર માં જવાનું થયું. તેથી મારે બીજા વધારાનો ખર્ચ ૧૫૦૦ રૂ જેટલો થતો હતો. હવે હું મોબાઈલથી ઈન્ટરનેટનો ઉપયોગ કરીને ઓનલાઈન બધી જ હેર સ્ટાઈલ જોઈને કરી શકું છુ અને માહિતી પણ મેળવી શકું છું. હવે ચાલુ વર્ષે ઘરે બેઠા રૂ. ૩૦,૦૦૦ની આવક મેળવતી થઇ ગઇ છું. તેથી હું 'સુખી મંડળ'નો ધન્યવાદ માનું છુ કે મને અને મારા ધંધાને સુખી કર્યા.

સીતાબેન, કદવાલ ગામના નવી પેઢીના બેન છે તેમને નવી પેઢીની ૩ દિવસની તાલીમ લીધી છે. આ તાલીમથી પોતાની અપેક્ષાઓ આગળ લઈ જવામાં ઘણી મદદ રૂપ થાય છે. જેથી બહેનો પોતના ગામમાંથી બહારનીકળતા થયા છે અને હાલમાં નર્સિગના ક્લાસ કરવા માટે બોડેલી આવું છુ જો હું આવી તાલીમોમાં ના જોડાઇ હોત તો મારો શકિત વિકાસ થયો ના હોત.

ધનલક્ષ્મીબેન કહે, હું ગ્રેજ્યુએટ થઈ છું પણ, હું કોઈની સામે બોલી શકતી ન હતી ડર લાગતો હતો. જયારે હું સેવામાં



'સુખી મહિલા મંડળ'ની કારોબારી

જોડાઇ અને આવકારની તાલીમ લઈ ને માસ્ટર ટ્રેનર તરીકે કામ કરું છું અને બીજા બેનોને પણ તૈયાર કરું છું અને ગામડે ગામડે તાલીમ કરવા પણ જાઉં છું. જો હું સેવામાં ના જોડાઈ હોત તો હું આજે આ રજૂઆત કરી શકત નહી .

દેરોલી ગામના ઉષાબેન અને જૂની બોડેલીના વિણાબેન એમના અનુભવ જણાવતા કહ્યું કે, અમે અમારી અન્ય જવાબદારીઓ ને કારણે 'સેવા'માં આવી શકતા નથી. પણ 'સેવા' જેવી સંસ્થા આપણા ગામોમાં નિઃસ્વાર્થ ભાવે સેવા આપે છે તેથી જ આપણે આટલાં બધા બેનો એક સાથે ભેગા થઈએ છીએ.

નવી પેઢીના બહેનોના અનુભવો સાંભળતા લેહ, લદાખથી આવેલા બહેનોમાં પણ આત્મવિશ્વાસ જાગ્યો અને તેમાના ત્સેરીંગબેન લાડોલ, પોતાનો અનુભવ જણાવતા કહે કે, અહી આટલા બધા બેનો ભેગા થયા છે અને અલગ અલગ ધંધાની રજૂઆત કરી તે જોઇને અમને ઘણું શીખવા મળ્યું છે અમે પણ પાછા જઈને અમારા રાજ્યમાં આવું સંગઠન બનાવીને કામગીરી કરીશું અને આવી સાધારણ સભાનું આયોજન કરીશું અને નક્કર કામગીરી કરીને જરૂરથી આવું પરિણામ મેળવીશું. અમારી ટીમને તમે આમંત્રિત કરી તે બદલ આપની ટીમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

અંતે અમે પાર કરીશું ... ગીત ગાઇને સભા પૂરી કરી.

**- પૂર્ણિમા**

❑

## સેવા સમાચાર

# ખેતીના ધંધામાં ઉદ્યોગસાહસિક અને નવીનીકરણ

સેવામાં, પહેલાં ખેતીમાં દેશી પદ્ધતિ મુજબ હળ અને બળદનો ઉપયોગ કરીને ખેડ કરતાં અત્યારે ટ્રેક્ટરનો ઉપયોગ કરી વાવણીયા દ્વારા બિયારણની વાવણી કરે છે. જેથી લાઇનમાં પદ્ધતિસર બિયારણની વાવણી થાય છે.

સેવામાં પહેલાં ખેતીમાં આડેધડ પાણી આપતા હતા જયારે અત્યારે ડીપ ઇરીગેશન પદ્ધતિનો ઉપયોગ કરે છે. ગયા વર્ષે 'વનલક્ષ્મી મંડળી' પર ઘઉંનું વાવેતર કર્યુ હતુ. તેનો સંગ્રહ કરી સીડ ક્લેકશન પદ્ધતિનો ઉપયોગ કરી આ વર્ષે વાવેતરમાં તેનો ઉપયોગ કર્યો. પહેલાં બળદથી હાલડું કરતાં અત્યારે ડાયરેક્ટ થ્રેશરમાંથી દાણાં લેવામાં આવે છે. પહેલાં ખેતીમાં હાથેથી દાતરડા વડે નીદામણ કરતાં પરંતુ અત્યારે ટ્રેક્ટર દ્વારા રોખડી કરીને નીંદામણ કાઢવામાં આવે છે. પહેલાં રસાયણિક ખાતર અને દવાનો ઉપયોગ કરતાં હતા અત્યારે વર્મીકમ્પોસ્ટ અને છાંણિયા ખાતરનો ઉપયોગ કરીને સજીવ(ઓર્ગેનિક) ખેતી કરવામાં આવે છે.

ખેતીના ધંધામાં બહેનો પોતે નવીનીકરણ કરીને પાકના ઉત્પાદનમાં વધારો કરી તેને મૂલ્યવર્ધીત પ્રવૃતિ દ્વારા ધંધામાં કુશળતા પ્રાપ્ત કરી શકે તે માટે ધંધાકીય આયોજન અને વિકાસને લગતો તાલીમ કાર્યક્રમ 'સેવા પંજાબ'માં કતારપુર જિલ્લો જલંધરમાં કરવામાં આવ્યો. આ તાઇવાન કાર્યક્રમ ઇઝરાયેલ એન્બેસી દ્વારા યોજવામાં આવ્યો હતો. જેમાં 'સેવા'માંથી જીજ્ઞાસાબેન અને સાબરકાંઠા જિલ્લામાંથી ખેતીના માસ્ટર ટ્રેનરબેન સ્નેહાબેને ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમ કતારપુર ગામના સેન્ટર ફોર એક્સીલન્સ ફોર વેજીટેબલ પર કરવામાં આવ્યો. જેમાં આવા સેન્ટર પરથી દરેક રાજ્ય લેવલેથી સેન્ટર ઇન્ચાર્જ, નિષ્ણાંતો, વૈજ્ઞાનિકો તેમજ ખેડૂતોએ ભાગ લીધો.

કતારપુરના આ સેન્ટર પર શાકભાજીના જુદા જુદા પાકો માટે હાઇટેક ગ્રીન હાઉસ, નેટ હાઉસ બનાવવામાં આવ્યા છે. તેમાં ટમેટા, ચેરીટમેટા, કાકડી, રીંગણ, ટેટી તેમજ વિવિધ નર્સરી

પ્રોડકશન કરવામાં આવે છે. તેની માહિતી આપી વિઝિટ કરાવી આપણે 'સેવા' વતી આપણો ગ્રીન હાઉસનો અપ્રુઅલ 'વનલક્ષ્મી મડળી' ઉપરનો હતો જેમાં આપણે ગ્રીન હાઉસમાં પોલી હાઉસ બનાવ્યું હતુ. ૨૯૩૦૦૦/- રૂ. સ્ટ્રક્ચર અને ૧૨૬૦૦૦/- રૂ. ડ્રીપ્રીગેશનનો ખર્ચો થયો હતો. તેમાં કેપ્સીકમ, રીંગણ તેમજ અન્ય શાકભાજી વાવી હતી. જેનો ખર્ચો ૫૧૦૦/- ધરુ, ૬૦૦/- રૂ. ખેડ, ૮૦૦/- વર્મી કમ્પોસ્ટ આસરે ૪.૫૦.૦૦૦/- રૂ. જેવો ખર્ચો થયો. તેની સામે આવક કેપ્સીકમ, રવૈયા તેમજ ભાજી ૫૦થી ૬૦ હજાર જેટલી થઇ. પરંતુ તેની સામે સ્થાનિક વાંદરા, ભૂંડ તેમજ જ્યારે વાવઝોડાના કારણે આખો ઉપરનો સેડ તુટી ગયો. આવી સમસ્યાઓ પણ આવે છે. ત્યારે તેની સામે સેન્ટરના ઇન્ચાર્જ ડૉ.દલજીતસિંઘે પણ આ વાત સ્વીકારી કે ગ્રીન હાઉસમાંણ જ્યારે આફતો આવે તો નુકશાન ઘણુ થાય છે. ઘણી જગ્યાએ આવા નેટ હાઉસ બહું સફળ થતા નથી. તેથી ગ્રીન હાઉસનો વિચાર બધે જ ફાયદા કારક નથી થતાં. ખેડૂતોને આવી અણધારી સમસ્યાઓ નો સામનો કરતા જ રહેવું પડે છે. અને જ્યારે સીઝનમાં તેના ભાવ પણ બરાબર નથી મળતાં જેની સામે સરકાર સાથે તેના ભાવ માટે અને પાકના રક્ષણ અંગે લડત પણ કરી રહયા છીએ. તાલીમના અંતે સૌ તાલીમાર્થીઓને સર્ટીફિકેટ વિતરણ કરવામાં આવ્યું.

## સેવા સમાચાર

# 'અર્બન અજ્યુકેશન સ્કૂલ' દ્વારા આયોજિત વર્કશોપ

'અર્બન અજ્યુકેશન સ્કૂલ' દ્વારા તા. ૨૯ ઓક્ટોબરથી ૪ નવેમ્બર ૨૦૧૮ના સાત દિવસના વર્કશોપનું અયોજન કરવામાં આવ્યું, જેનો મુખ્ય હેતુ, મહિલા કામદાર મજુર ચળવળને દૃશ્યમાન કરવાનો તેમજ કામદાર બહેનોને શું તકલીફ હોય છે ? તે જાણીને તેના ઉકેલ લાવવાનો હતો. આ વર્કશોપમાં જુદા જુદા રાજ્યોના સંગઠનો અને કૉઓપરેટીવ મંડળીઓ જેઓ મહિલા કામદારો માટે કામ કરતા હોય તેવી સંસ્થાના પ્રતિનિધિઓ પોતાના સંગઠન વિશેની વાત અને પડકારો શેર કરવા એકત્ર થયા.

આ વર્કશોપમાં ગુજરાત(અમદાવાદ), મુંબઇ, પુના, કલકત્તા, હૈદરાબાદ, બેંગ્લોર અને કેરળથી સંગઠનો અને કૉ.ઓપરેટીવના મંડળીના કુલ ૪૬ પ્રતિનિધિઓએ ભાગ લીધો. જેમાં વિડીયો સેવાના અરૂણાબહેન અને જયશ્રીબહેને ભાગ લીધો હતો.

આ વર્કશોપમાં વિડીયોના અરૂણાબહેને પ્રેઝનટેશન કર્યુ. વિડિયો સેવા એક ટેકનીકલ મંડળી છે. આપણને સંગઠન કરવામાં પણ ઘણી મુશ્કેલીઓ આવતી હોય છે પણ અડગ થઇ આપણે આપણા કામમાં આગળ વધતા જઇએ છીએ. ટેક્નોલૉજીના યુગમાં ઘણા બદલાવ આવતા જાય છે આપણી મંડળી કદમથી કદમ મીલાવીને ચાલવાનું છે. ''અમે જ માલિક અને અમે મેનેજર'' છીએ. એવી સમજ આપી. જે બીજા પ્રતિનિધિઓને ઘણી સારી રીતે સમજ આવી ને ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

❑

# નીરુબેનને મારા પ્રણામ

નીરુબેનના સમાચાર અનસૂયા દ્વારા જાણવા મળ્યા ત્યારે જ મને ખબર પડી એટલે હું તેમના સાથે સેવાના અનુભવની વાત લખી રહી છું.

હું જ્યારે 'સેવા'માં આવી ત્યારે મારે તેમની સાથે જ બેસવાનું હતું અને આમા મારો પહેલો દિવસ તેમની પાસે જ રહયો હતો. હું ઘરની બહાર નિકળી નહોતી જેથી મને 'સેવા'ની પુરેપુરી સમજ આપી. આપણે શું કામ કરવાનું છે તે પણ સમજાવ્યું કે, 'સેવા' શ્રમજીવી બહેનોનું કામ કરે છે, બહેનો મજુરી કરવા જાય ત્યારે તેમના બાળકોનો મોટો પ્રશ્ન હતો. તેથી 'સેવા'એ વિચાર્યુ કે, બહેનો જુદા જુદા ધંધા જે વિસ્તારમાં કરે છે તેવા દરેક વિસ્તારમાં બહેનોના સમય પ્રમાણે સવારે ૯થી સાંજના ૭માં ઘોડિયાઘર શરૂ કરીએ.

સૌ પ્રથમ અમે માધુપરા અને ચમનપુરા વિસ્તારમાં આગેવાન બહેનો દ્વારા સર્વે કરી કેન્દ્રો ખોલવાનું નક્કી કર્યુ. માતા પાસે ફી લઇને બાળકોને સાચવવાનું કામ કર્યુ. જેથી બહેનો સારી રીતે કામ પર જઇ શકે અને તેમના બાળકો કેન્દ્રમાં સચવાય. જેથી તેમની આવકમાં વધારો થાય. અને નિશ્ચિત પણે મુક્ત રીતે તેઓ કામ સારી રીતે કરી શકે.

પહેલાં હું સુપર વાઇઝર તરીકે કામ કરતી હતી ત્યાર પછી સરકાર સાથે રહીને સમાજકલ્યાણ બોર્ડ, સમાજકલ્યાણ ખાતું અને આઇ.સી.ડી.એસ., આંગણવાડી વગેરે સાથે કામ કરવાનું નક્કી કર્યુ. જ્યારે મને કોઑડિનેટરની પોસ્ટ આપી ત્યારે પણ નીરૂબેન અને મિરાઇબેને મને કહયું કે, અમે તમારી સાથે જ છીએ. અને મને દરેક રીતે મદદ કરતાં હતા. તેથી મેં તે પોસ્ટ

# "અટલ પેન્શન યોજના" સાથે હવે આપણે નિવૃત થઈ શકીએ છીએ

અટલ પેંશન યોજના

ખેડૂતો, શ્રમિકો અને અસંગઠિત ક્ષેત્રનાં અન્ય સ્વરોજગાર નાગરિકો માટે ભારત સરકારની પેન્શન યોજના

- ✓ અટલ પેન્શન યોજનામાં ખાતું ખોલાવો અને દર માસે નિયત તારીખે નિયત રકમ તમારા બચત ખાતામાં જમા કરવો અને નિશ્ચિત પેન્શનની રકમનો લાભ મેળવો.
- ✓ ૧૮ થી ૪૦ વર્ષની કોઈ પણ વ્યક્તિ આ યોજના હેઠળ પેન્શનનો લાભ લઈ શકે છે.
- ✓ આ યોજનામાં સભ્યોનું બચત ખાતું હોવું ફરજીયાત છે. જે સભ્યોના બચત ખાતા હોય તેમણે પોતાની પાસબુક સાથે લાવવી જરૂરી છે.
- ✓ બચત ખાતું ખોલાવવા માટે કેવાયસી ધોરણો મુજબ કલર પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા, આધાર કાર્ડ, ફોટાવાળું ઓળખપત્ર અને રહેઠાણનો પુરાવો આપવો જરૂરી છે.

દર મહિને હપ્તો ભરવાની રકમનો કોઠો

| પેન્શનમાં જોડાવાની ઉંમર | દરમહિને ૧૦૦૦રૂ. લઘુત્તમ ગેરંટીકૃત પેંશન | દર મહિને ૨૦૦૦રૂ. લઘુત્તમ ગેરંટીકૃત પેંશન | દર મહિને ૩૦૦૦ રૂ. લઘુત્તમ ગેરંટીકૃત પેંશન | દર મહિને ૪૦૦૦ રૂ. લઘુત્તમ ગેરંટીકૃત પેંશન | દર મહિને ૫૦૦૦ રૂ. લઘુત્તમ ગેરંટીકૃત પેંશન |
|---|---|---|---|---|---|
| નોમિનીને મળવા પાત્ર ભંડોળ | રૂ. ૧,૭૦,૦૦૦/- | રૂ.૩,૪૦,૦૦૦/- | રૂ. ૫,૧૦,૦૦૦/- | રૂ. ૬,૮૦,૦૦૦/- | રૂ. ૮,૫૦,૦૦૦/- |
| ૧૮ | ૪૨ | ૮૪ | ૧૨૬ | ૧૬૮ | ૨૧૦ |
| ૨૦ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ | ૧૯૮ | ૨૪૮ |
| ૨૫ | ૭૬ | ૧૫૧ | ૨૨૬ | ૩૦૧ | ૩૭૬ |
| ૩૦ | ૧૧૬ | ૨૩૧ | ૩૪૭ | ૪૬૨ | ૫૭૭ |
| ૩૫ | ૧૮૧ | ૩૬૨ | ૫૪૩ | ૭૨૨ | ૯૦૨ |
| ૪૦ | ૨૯૧ | ૫૮૨ | ૮૭૩ | ૧૧૬૪ | ૧૪૫૪ |

**નોંધઃ દર મહિને નિયમિત હપ્તા ભરો અને ઉપર બતાવ્યા મુજબ પેન્શન મેળવો.**

- ✓ સરકારના નિયમ મુજબ નિયમિત હપ્તા ભરનારને પેન્શન યોજનાનો લાભ મળશે.
- ✓ ૬૦ વર્ષ પછી સભ્યોને પેન્શનની રકમ મળશે.
- ✓ ઈન્કમ ટેક્સ ભરનાર તથા સરકારની બીજી કોઈ પણ પી.એફ.યોજનામાં જોડાયેલ વ્યક્તિ આ યોજનામાં જોડાઈ શકે નહિ.

**શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.**

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

સ્વીકારી અને પુરી મહેનત અને લગનથી કામ કરતી. ત્યારે અમદાવાદ શહેરમાં કુલ ૩૫૦ કેન્દ્રો શરૂ કર્યા હતા. ખૂબ સુંદર રીતે મેં સેવામાં ૩૫ વર્ષ ખંત અને મહેનતથી મેં આ કામ પૂર્ણ કર્યું હતું.

નીરુબહેન હાલ આપણી વચ્ચે નથી પરંતુ તેઓ હંમેશા સંગિની મંડળીમાં જ છે તેમ અમે માનીએ છીએ. નીરુબહેનનો ઉપકાર ક્યારેય ભુલાશે નહીં. તેમના આત્માને પ્રભુ શિરે શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનો પર જે દુઃખ આવી પડયું છે તેને પ્રભુ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું.

**- વસુબેન રાવળ**
સંગિની મંડળી

❑

## સીતાબેન અમારા બાલ સેવાના સાથી

સીતાબહેન વસંતરાવ સંગિની મંડળીના સભ્ય હતાં અને તેઓ શરૂઆતમાં શંકરભુવન કેન્દ્રમાં યમુનાબહેન અને ગીતાબહેન સાથે કામ કરતાં હતા. તેઓ ખૂબ જ શરમાળ અને ઓછા બોલા હતા. પૂછીએ તેનો જ જવાબ આપતાં. પરંતુ બાળકો સાથે ખૂબ જ ખંત અને ધૈર્યથી કામ કરતાં હતા. બાળકો સાથે પ્રવૃતિ કરાવતા હોય ત્યારે સીતાબહેન ક્યાં છે તે આપણને ખબર જ ન પડે.

કેન્દ્રમાં જ્યારે બે બહેન રાખવાના હોવાથી ગીતાબહેન અને સીતાબહેનને ઈદગા કેન્દ્રમાં ગોઠવવામાં આવ્યાં. ત્યાં પણ બાળકો સાથે સુંદર રીતે કામ કરતાં હતાં. આપણી બહેનો એક ચેક-અપ કરાવવામાં માનતાં નહોતા અને તેમની થોડી વધારે તબિયત બગડતાં પોલીયો ફાઉન્ડેશનમાં તેમની તપાસ કરાવવામાં આવી ત્યારે જ ખબર પડી કે, તેમની તબિયત વધારે બગડી છે અને તેઓ એ અચાનક જ આપણી વચ્ચેથી ચિર વિદાયી લીધી. મને પણ નવાઇ લાગી કે, સીતાબહેનનું આવું થાય જ નહી પરંતું, પ્રભુને જે ગમ્યું તે ખરું.

પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનો પર જે આફત આવી છે તેમને દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે તે જ પાર્થના.

**- વસુબેન રાવળ,**
સંગિની મંડળી

❑

## સીતાબેનને કોટી કોટી નમન

સીતાબેન વસંતરાવ નરમારેનો સ્વભાવના એકદમ સરળ. કુટુંબની પરિસ્થિતિ સારી ન હોવાથી તેમને જરૂરિયાત પણ હતી. બાલસેવામાં બાળકોને એરિયામાં લેવા મુકવા જાય ત્યારે વાલીઓ સાથે સરળતાથી વર્તન કરતાં. જ્યારે પણ આપણને મળે ત્યારે હસતાં મોંએ કહે, બેન નમસ્તે. બેન નમસ્તે એ શબ્દો હજી મારા કાનમાં ગુંજ્યા કરે છે.

સદાય હસતાં ચહેરે જ્યારે પણ કેન્દ્રમાં જઇએ ત્યારે આવકારતાં હતા. જે પણ આપણે શીખવાડીએ તે સમજીને કામ કરતાં. ઓછાં બોલા અને કામ કરવાની તેમની આવડત સારી હતી. ઈશ્વર દિવંગત ના આત્માને શાંતિ આપે એ જ અભ્યર્થના સહ.

**- મંદા બારોટ**

❑

## સીતાબેનને મારા વંદન

સીતાબેન વસંતરાવ છેલ્લા વીસ વર્ષથી સંગિની મંડળીના બાલસેવા કેન્દ્રમાં બાલસેવિકા તરીકે જોડાયેલ હતા. તેમની બાલસેવામાં કામ કરવાની પદ્ધતિમાં સદાય પ્રવૃતિમય રહેવું,



બાળકોની વચ્ચે કૂદી કૂદીને પ્રવૃતિ કરાવવી, બાળગીતો ગાવા, બાળકોને સમયસર નાસ્તો બનાવીને ખવડાવવો, દરેક કામમાં ખૂબ જ કૂશળતા દાખવતા. કોઇ પણ કામ કરતા તેમના મુખ પર ક્યારે કોઇ ફરીયાદ નહોતા કરતાં.

ટૂંકી માંદગી બાદ તેમનું મૃત્યુ થયેલ છે. તેમનો શાંત અને હસતો ચહેરો હંમેશા યાદ રહેશે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

**- પદ્મા**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20 Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-12-2018

## અનસૂયા

- ૩૬માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'.
- થોકબંધ પ્રકટતાં વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'નો ફલકનો વ્યાપ પણ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦ અને આજીવન રૂા. ૭૦૦નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**

**'અનસૂયા' પ્રકટ થાય છે**

: લવાજમ મોકલવાનું સ્થળ :

**શ્રી. મહિલા સેવા અનસૂયા ટ્રસ્ટ**

સેવા રિસેપ્શન સેન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર, અમદાવાદ - ૩૮૦૦૦૧ (ફોન : ૨૫૫૦૬૪૪૪, ૨૫૫૦૬૪૭૭)

Please visit our website : www.anasooya.org E-mail : mail@anasooya.org

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-12-2018**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]